eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 201
October 16, 2008

## સુરત મહાનગરપાલિકા ધ્વારા આ કાયદાથી જાહેર જનતા વધુ માહિતગાર થાય તે હેતુથી તા. ૧૦/૧૦/૨૦૦૯ ને શનિવારે યોજાયેલ પપેટ શો



ગુજરાત સરકારના સરદાર પટેલ રાજય વહીવટી સંસ્થાના આદેશમુજબ માહીતી અધિકાર અધિનિયમ (રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ – ચતય) અમલમાં આવ્યાને ચાર વર્ષનો સમય તા. ૧૨/૧૦/૦૯ ના રોજ પુર્ણ થનાર હોય, તા. ૦૬/૧૦/૦૯ થી તા. ૧૨/૧૦/૦૯ દરમ્યાન માહિતીના અધિકાર કાયદા સપ્તાહની ઉજવણી સંદર્ભે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થઝોન(કતારગામ) ની કમગીરી

નોર્થઝોન(કતારગામ) વિસ્તારમાં, તા. ૦૯–૧૦–૨૦૦૯ નાં રોજ કરવામાં આવેલ "ડીમોલીશન" ની વિગત નીચે પ્રમાણે છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## માહે સપ્ટેમ્બર ૨૦૦૯–૧૦ દરમ્યાન સ્મીમેર હોસ્પિટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પિટલમાં સપ્ટેમ્બર માસ દરમ્યાન ૪૨૫૩ ઈન્ડોર ૪૧૪૬૩ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામા આવી હતી. નાના ૨૧૮ તથા ૫૮૬ મોટા ઓપરેશનો હાથ ધરવામા આવ્યા હતા. ૭૦૮૬ એક્ષ–રે પાડવામા આવ્યા હતા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથઝોન (ઉધના) ની કામગીરી

સાઉથઝોન (ઉધના) માં ડે. કમિશનરશ્રી (જન.) ની સુચના અન્વયે અને કાર્યપાલક ઈજનેરશ્રીનાં માગદર્શન હેઠળ સાઉથઝોન (ઉધના) માં તા. ૦૮–૧૦–૨૦૦૯ નાં રોજ ઉન, સીટી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ ઉધના તથા બમરોલી વિસ્તારના સ્થળે ડિમોલીશન કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>



## તા. ૧૨.૧૦.૨૦૦૯ સોમવારનાં રોજ ગાંધી સ્મૃતિ ભવન, નાનપુરા, સુરત ખાતે માહિતી અધિકાર કાયદાની સમજ આપતો વર્કશોપ

સુરત મહાનગરપાલિકા તથા ગુજરાત સરકારશ્રીની પ્રતિનિધિ સંસ્થા સરદાર પટેલ રાજય વહીવટ સંસ્થા (અમદાવાદ)ના સંયુકત ઉપક્રમે ગાંધી સ્મૃતિ ભવન ખાતે તા.૧૨.૧૦.૦૯ના રોજ "રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ–૨૦૦૫" વિષય ઉપર એક તાલીમી વર્કશોપ રાખવામાં આવેલ જેનું મા. મેયર શ્રી રણજીતભાઈ ગીલીટવાળા, કાયદા સમિતિના ચેરમેન શ્રી ભૂપેન્દ્રભાઈ રાઠોડ, ડે.કમિશનર (પ.અને ઈ.) શ્રી સી. જે. ગામીત વિગેરેએ દીપ પ્રાગટય કરી વર્કશોપને ખુલ્લો મૂકયો હતો ...

વધુ માટે કલીક કરો >>>>>>

## "મેલેરીયા વિરોધી માસ" સુરત મહાનગરપાલિકા દ્વારા મચ્છરજન્ય રોગો વિષયક નિબંધ સ્પર્ધા,કવીઝ સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધાના વિજેતાઓને ઈનામ વિતરણ

સરકારશ્રી દ્વારા આ વર્ષે જુન માસને "મેલેરીયા વિરોધી માસ" તરીકે ઉજવવા નકકી કરેલ હોય, સુરત મહાનગરપાલિકા દ્વારા સદર ઝુંબેશને સફળ બનાવવા વિવિધ જનજાગૃતિ કાર્યક્રમો કરવામાં આવેલ હતા. આજનો વિદ્યાર્થી આવતી કાલનું ભવિષ્ય હોય, મચ્છરજન્ય રોગ નિયંત્રણ કામગીરીમાં તેઓને સહભાગી બનાવવા શહેરની ખાનગી અને નગર પ્રાથમિકની કુલ ૧૬૪ સ્કુલો મળી ૧૦૧૯ વિદ્યાર્થીઓના સહયોગથી સુરત મહાનગરપાલિકા દ્વારા મચ્છરજન્ય રોગો વિષયક નિબંધ સ્પર્ધા,કવીઝ સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધા રાખવામાં આવેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા આ કાયદાથી જાહેર જનતા વધુ માહિતગાર થાય તે હેતુથી તા. ૧૦/૧૦/૨૦૦૯ ને શનિવારના રોજ યોજાયેલ પપેટ શો



ગુજરાત સરકારના સરદાર પટેલ રાજય વહીવટી સંસ્થાના આદેશમુજબ માહીતી અધિકાર અધિનિયમ (રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ – **RTI**) અમલમાં આવ્યાને ચાર વર્ષનો સમય તા. ૧૨/૧૦/૦૯ ના રોજ પુર્ણ થનાર હોય, તા. ૦૬/૧૦/૦૯ થી તા. ૧૨/૧૦/૦૯ દરમ્યાન માહિતીના અધિકાર કાયદા સપ્તાહની ઉજવણી સંદર્ભે સુરત મહાનગરપાલિકા ધ્વારા આ કાયદાથી જાહેર જનતા વધુ માહિતગાર થાય તે હેતુથી તા. ૧૦/૧૦/૨૦૦૯ ને શનિવારના રોજ સાંજે ૬.૦૦ કલાકે વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ. અઠવાગેટ ખાતેના મેળામાં તથા તા. ૧૧/૧૦/૦૯ ને રવિવારના રોજ સાંજે ૬.૦૦ કલાકે ચોપાટી, અઠવાલાઈન્સ ખાતે ''પપેટ–શો'' (કઠપુતલીનો ખેલ) નું આયોજન કરવામાં આવ્યું હતું. આ શો ધ્વારા માહિતી અધિકાર અધિનિયમથી સામાન્ય જનતા પરિચીત થાય અને તેનો ઉપયોગ કઈ રીતે થઈ શકે વિગેરે બાબતોની જાણકારી મળે તે માટે એક કામદાર, મહિલા વિધવા, વેપાર કરવા ઈચ્છતો એક યુવાન, પાણીનું જોડાણ અને વેરા સબંધિત માહિતી મેળવવા ઈચ્છતો વ્યસ્ક નાગરિક વગેરે જેવા પાત્રો વચ્ચે સવાલ–જવાબ રૂપે સંવાદ યોજી આ કાયદો કોને લાગુ પડે? કઈ માહિતી મળી શકે? માહિતી મેળવવા શું કરવું પડે? કેટલા સમયમાં માહિતી મળી શકે, મળેલ વિગત અધુરી કે ખોટી હોય તો કેટલી સમયમર્યાદામાં શું કરવું પડે, કઈ માહિતી ન આપી શકાય વિગેરે બાબતોની સામાન્ય જનતાને જાણકારી મળે તે મુજબ આ પપેટ શોનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઉપરોકત બંન્ને સ્થળોએ મોટી સંખ્યામાં શહેરના નાગરિકોએ હાજર રહી પપેટ શોનો લાભ લઈ આ કાયદાથી પરિચિત થયા હતા.

TOP

## નોર્થઝોન(કતારગામ) ની કમગીરી

૧. નોર્થઝોન(કતારગામ) વિસ્તારમાં, તા. ૦૯–૧૦–૨૦૦૯ નાં રોજ કરવામાં આવેલ ''ડીમોલીશન '' ની વિગત નીચે પ્રમાણે છે.

નોર્થઝોન (કતારગામ) કતારગામ ગામતળમાં કિલ્લા દેસાઈની ખડકી વિસ્તારમાં સી.સ. ચાલતા નં. ૭ ના સબ પ્લોટ નં. ૪ થી ૮ માં ચોથા માળે પ્લાન વિરુધ્ધનું કરવામાં આવેલ બાંધકામ જેમાં આશરે ૫૦૦ ચો.ફુટ આર.સી.સી. સ્લેબ તથા કોલમનું એન્ટ્રી નોટીસ આપી ડીમોલીશન કરવામાં આવેલ છે. તેમજ મિલકતદાર પાસેથી ડિમોલીશનના વહીવટી ચાર્જ પેટે રૂા. ૧૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

૨. નોર્થઝોન(કતારગામ) વિસ્તારમાં, તા. ૧૨/૧૦/૨૦૦૯ નાં રોજ શહેર વિકાસ ખાતા/ દબાણ ખાતા ધ્વારા કરવામાં આવેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે.

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં ટી.પી. ૨૪ (ટુંકી રે.સી. નં. ૦૭ ફા. પ્લોટ નં. ૨ માં પ્રથમ માળે આર.સી.સી. કોલમ, સ્લેબનું આશરે ૪૦૦ ચો.ફુટનું ગેરકાયદેસર બાંધકામ દૂર કરવામાં આવેલ છે. તેમજ મિલકતદાર પાસેથી રૂા. ૫૦૦૦/– વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલ છે.

TOP

## માહે સપ્ટેમ્બર ૨૦૦૯–૧૦ દરમ્યાન સ્મીમેર હોસ્પિટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પિટલમાં સપ્ટેમ્બર માસ દરમ્યાન ૪૨૫૩ ઈન્ડોર ૪૧૪૬૩ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામા આવી હતી. નાના ૨૧૮ તથા ૫૮૬ મોટા ઓપરેશનો હાથ ધરવામા આવ્યા હતા. ૭૦૮૬ એક્ષ–રે પાડવામા આવ્યા હતા. ટી.બી.ના નવા ૨૯૫ અને જુના ૩૯૭ દર્દીઓ સહિત કુલ ૬૯૨ દર્દીઓને તપાસવામા આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૧૫૨૪ દર્દીઓને સારવાર આપવામા આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૮૯૮ તથા આંખ વિભાગમાં ૨૩૮૬ આઉટડોર દર્દીઓનું નિરીક્ષણ કરવામા આવ્યું હતું. ગરીબ તથા બ્લડબેંક વિભાગમાં કુલ ૧૨૫૮૮ દર્દીઓનું નિરીક્ષણ કરવામા આવ્યું હતું. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

TOP

## સાઉથઝોન (ઉધના) ની કામગીરી

સાઉથઝોન (ઉધના) માં ડે. કમિશ્નરશ્રી (જન.) ની સુચના અન્વયે અને કાર્યપાલક ઈજનેરશ્રીનાં માગદર્શન હેઠળ સાઉથઝોન (ઉધના) માં તા. ૦૮–૧૦–૨૦૦૯ નાં રોજ ઉન, સીટી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ ઉધના તથા બમરોલી વિસ્તારના સ્થળે ડિમોલીશન કરવામાં આવેલ છે.

૧. મોજે ઉન સર્વે નં. –૩૪/ડી, પ્લોટ નં. ૭૪ થી ૮૧ માં ચાલતા આશરે ૪૪૦૦ ચો.ફુટ નાં માપ વિસ્તારમાં આર.સી.સી. કોલમ, સ્લેબ, ચણતર સહિતનું ગરકાયદેસર બાંધકામ દુર કરવામાં આવેલ છે.

૨. મોજે ઉન બ્લોક નં ૧૧૦ માં પ્લોટ નં ૬૭, માં હયાત ગ્રાઉન્ડ તથા બે માળની મિલ્કત પર ચાલતુ ત્રજા માળનું આશરે ૧૧૦૦ ચો.ફુટનાં માપ વિસ્તારમાં આર.સી.સી. સ્લેબ ચણતર સહિતનું મંજુર પ્લાન વિરુધ્ધનું બાંધકામ દુર કરવામાં આવેલ છે.

૩. ઉધના સીટી ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં પ્લોટ નં. ઓ–૨૩, ૨૪ માં આશરે ૧૦૦ ચો.ફુટનાં વિસ્તારમાં મંજુર પ્લાન વિરુધ્ધનું આર.સી.સી. તથા ચણતર કામ દુર કરવામાં આવેલ છે. તથા ઓ–૨૦ થી ૨૨ નંબરનાં પ્લોટમાં બીજા માળે આશરે ૮૦૦ ચો. ફુટનાં વિસ્તારમાં મંજુર પ્લાન વિરુધ્ધનું ચાલતું સેન્ટીંગ–શટરીંગ કામ દુર કરવામાં આવેલ છે.

૪. બમરોલી ડ્રા.ટી.પી. સ્કીમ નં. ૫૮ સબ પ્લોટ નં. ૧૪૩, ૧૪૪,૧,૫ માં આશરે ૨૦૫૦ ચો.ફુટ નાં માપ વિસ્તારમાં આર.સી.સી. તથા ચણતર કામ દુર કરવામાં આવેલ છે.

TOP

## તા. ૧૨.૧૦.૨૦૦૯ સોમવારનાં રોજ ગાંધી સ્મૃતિ ભવન, નાનપુરા, સુરત ખાતે માહિતી અધિકાર કાયદાની સમજ આપતો વર્કશોપ




સુરત મહાનગરપાલિકા તથા ગુજરાત સરકારશ્રીની પ્રતિનિધિ સંસ્થા સરદાર પટેલ રાજય વહીવટ સંસ્થા (અમદાવાદ)ના સંયુકત ઉપક્રમે ગાંધી સ્મૃતિ ભવન ખાતે તા.૧૨.૧૦.૦૯ના રોજ "રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ–૨૦૦૫" વિષય ઉપર એક તાલીમી વર્કશોપ રાખવામાં આવેલ જેનું મા. મેયર શ્રી રણજીતભાઈ ગીલીટવાળા, કાયદા સમિતિના ચેરમેન શ્રી ભૂપેન્દ્રભાઈ રાઠોડ, ડે.કમિશનર (પ.અને ઈ.) શ્રી સી. જે. ગામીત વિગેરેએ દીપ પ્રાગટય કરી વર્કશોપને ખુલ્લો મૂકયો હતો. આ પ્રસંગે પ્રાસંગિક આશીર્વચન ઉચ્ચારતા મા.મેયર શ્રી રણજીતભાઈ ગીલીટવાળાએ જણાવ્યું હતું કે રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટનો ખૂબ જ અગત્યનો કાયદો ભારત સરકારે પ્રજાજનો સમક્ષ મૂકયો છે. આ કાયદો ભારતમાં અમલમાં આવ્યાને આજે એટલે કે તા.૧૨મી ઓકટોબરે બરોબર ચાર વર્ષ પૂરા થાય છે. જે નિમિત્તે ભારત સરકાર તરફથી દેશભરમાં માહિતી અધિકાર કાયદા સપ્તાહની ઉજવણી થઈ રહી છે. આ પ્રસંગે સરદાર પટેલ રાજય વહીવટ સંસ્થા (સ્પીપા), અમદાવાદ તરફથી પણ ગુજરાત રાજયના તમામ શહેરો તથા નગરોમાં રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટના પ્રચાર પ્રસાર માટે આગવી ઝૂંબેશ ચાલી રહી છે, જેના ભાગ રૂપે આ વર્કશોપનું આયોજન સુરત મહાનગરપાલિકાએ કર્યુ છે. ભારતના બંધારણ હેઠળ તમામ નાગરિકોને વ્યકિત સ્વાતંત્રય તથા વાણી સ્વાતંત્રયના અધિકારો મળેલા છે તે સંદર્ભે માહિતી અધિકાર અધિનિયમ અમલમાં આવ્યો છે.

વધુમાં શ્રી ગીલીટવાળા સાહેબે જણાવ્યુ હતું કે આ કાયદાનો મૂળભૂત હેતુ સરકારી, જાહેર કચેરીઓમાંથી કચેરી કામકાજને લગતી, કચેરી તથા કર્મચારીઓની ફરજને લગતી અને નાગરિક સુવિધાઓને લગતી યોજનાઓ તથા તેના ખર્ચ સહિતની વિવિધ માહિતીઓ જાહેર જનતા સહેલાઈથી મેળવી શકે તે ઉદ્દેશ આ કાયદા પાછળ રહેલો છે. આ કાયદા થકી વહીવટમાં પારદર્શિતા, જવાબદારીને ઉત્તેજન આપવા અને ભ્રષ્ટાચારને નિયંત્રીત કરવા મહત્તમ ભાર મૂકેલો છે. સરકાર અને તેના સાધનો પ્રજાને લોકશાહીમાં જવાબદાર રહે તે હેતુ સાર્થક કરવાનો આ કાયદાનો અભિગમ રહેલો છે. આ કાયદાનો વ્યવસ્થિત ઉપયોગ થાય તે ખૂબ જ જરૂરી છે.માલાફાઈડ ઈન્ટેન્શન માટે લોકો આ કાયદાનો સહારો લઈને માહિતીની માંગણી કરે તે ઉચિત નથી. અપેક્ષા રાખું છુ કે રાજય સરકારશ્રીના સહયોગથી કાયદાના પ્રચાર અને પ્રસારનો સુરત મહાનગરપાલિકા ધ્વારા હાથ ધરાયેલ.

આ પ્રયત્ન સાર્થક થાય અને પ્રજાને તેની મહત્તમ જાણકારી મળી રહે અને જાહેર જનતા આ કાયદાનો નાગરિક અધિકારના ભાગરૂપે યોગ્ય ઉપયોગ કરી શકે તેવી અપેક્ષા સાથે મા.મેયરશ્રીએ તેમનું વકતવ્ય પૂર્ણ કર્યુ હતું. ત્યાર બાદ ટ્રેનીંગનો હવાલો સંભાળતા સુરત મહાનગરપાલિકાના પર્સોનલ ઓફિસર અને આર.ટી.આઈ.સેલના આસી.નોડલ ઓફિસર શ્રી હિરનેશભાઈ ભાવસારે માહિતી અધિકાર કાયદાની જાણકારી–સમજ, નાગરિક તરીકે મળેલા હકકો તથા અરજી કરવાની રીત, અરજી કર્યા પછી પણ ત્રીસ દિવસમાં માહિતી ના મળે કે વધુ ફી માંગવામાં આવે તો શું કરવુ. અપીલ–પ્રથમ અપીલ–બીજી અપીલ–ફરિયાદ, કાયદાનો ભંગ કયારે થયો ગણાય ? વિગેરે મુદ્દાઓ ઉપર ઉંડાણથી સમજ આપી હતી. જયારે ગવર્મેન્ટ એન્જીનિયરીંગ કોલેજના પ્રોફેસર શ્રી કે. આર. ત્રિવેદીએ "પ્રોએકટીવ ડીસ્કલોઝર " (સામેથી જાહેર કરવાની વિગતો) વિષય ઉપર સુંદર પ્રકાશ પાડયો હતો. નાગરિક માહિતી માંગે તે પહેલા જ જે તે સરકારી ઓથોરીટીએ તેની કામગીરીની વિગતો પોતાની વેબસાઈટ ઉપર, પોતાના નોટીસ બોર્ડો કે અન્ય માધ્યમ ધ્વારા આગળથી જ જાહેર કરવી જોઈએ તે બાબતો વિશે છણાવટ કરી હતી. વર્કશોપના અંતે રાખેલ પ્રશ્નોત્તરી કાર્યક્રમમાં પણ પ્રેક્ષકોએ ઉત્કંઠાપૂર્વક ભાગ લઈ વિવિધ પ્રશ્નો પૂછી સંતોષપ્રદ માર્ગદર્શન મેળવ્યું હતું. કાર્યક્રમનું સમાપન તથા આભારવિધિ પર્સોનલ ઓફિસર અને આર. ટી. આઈ. સેલના આસી. નોડલ ઓફિસર શ્રી હિરનેશભાઈ ભાવસારે કર્યુ હતું.

TOP

## "મેલેરીયા વિરોધી માસ" સુરત મહાનગરપાલિકા દ્વારા મચ્છરજન્ય રોગો વિષયક નિબંધ સ્પર્ધા,કવીઝ સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધાના વિજેતાઓને ઈનામ વિતરણ

સરકારશ્રી દ્વારા આ વર્ષે જુન માસને "મેલેરીયા વિરોધી માસ" તરીકે ઉજવવા નકકી કરેલ હોય, સુરત મહાનગરપાલિકા દ્વારા સદર ઝુંબેશને સફળ બનાવવા વિવિધ જનજાગૃતિ કાર્યક્રમો કરવામાં આવેલ હતા. આજનો વિદ્યાર્થી આવતી કાલનું ભવિષ્ય હોય, મચ્છરજન્ય રોગ નિયંત્રણ કામગીરીમાં તેઓને સહભાગી બનાવવા શહેરની ખાનગી અને નગર પ્રાથમિકની કુલ ૧૬૪ સ્કુલો મળી ૧૦૧૯ વિદ્યાર્થીઓના સહયોગથી સુરત મહાનગરપાલિકા દ્વારા મચ્છરજન્ય રોગો વિષયક નિબંધ સ્પર્ધા,કવીઝ સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધા રાખવામાં આવેલ.

તા.૯/૧૦/૨૦૦૯ નાં રોજ સરદાર વલ્લભભાઈ સભા ખંડ, સુરત મહાનગરપાલિકા,મુગલીસરા,સુરત ખાતે સદર સ્પર્ધામાં ભાગ લેનાર વિધાર્થીઓને પ્રોત્સાહન મળે તે માટે ઈનામ વિતરણ કાર્યક્રમ મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાળાના અઘ્યક્ષસ્થાને રાખવામા આવેલ હતો.સદર કાર્યક્રમમાં ડેપ્યુટી મેયર શ્રી કિશોરભાઈ કાનાણી, સ્થાયી સમિતિના અઘ્યક્ષ શ્રી મુકેશભાઈ દલાલ,આરોગ્ય સમિતિના અઘ્યક્ષા શ્રીમતિ વીણાબેન નાણાવટી અને રૂગ્ણાલય સમિતિના અઘ્યક્ષા શ્રીમતિ રંજનબેન સરતાનપરા,આરોગ્ય અધિકારી ડો. હેમંતભાઈ દેસાઈ,નાયબ આરોગ્ય અધિકારી,ઈ.ચા.જંતુનાશક અધિકારી ડો.કે.જી.વૈષ્ણવ,આસી.જંતુનાશક અધિકારીઓ તથા વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગના કર્મચારીઓ ઉપસ્થિત રહેલ હતા. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના દ્વારા કરવામા આવેલ,ત્યાર બાદ આમત્રિંત મહેમાનોનું શબ્દોથી સ્વાગત ડો.હેમંતભાઈ દેસાઈ દ્વારા કરવામા આવેલ અને તમામ આમંત્રિત મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામા આવ્યુ અને મા.મેયરશ્રી દ્વારા દિપ પ્રગટાવીને સમારંભની શરૂઆત કરવામા આવી.

દિપ પ્રાગટય બાદ નિબંધ સ્પર્ધા,કવીઝ સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધામાં પ્રથમ,દ્વિતિય અને તૃતીય ક્રમ પ્રાપ્ત કરેલ વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરવામાં આવ્યું, અને ૧૧ જેટલા આશ્વાસન ઈનામો આપવામા આવ્યા. નિબંધ સ્પર્ધામાં પ્રથમ ક્રમે આવેલ આશાદીપ વિદ્યાલયની વિદ્યાર્થીની વસોયા જલ્પા બી.,કવીઝ સ્પર્ધામાં પ્રથમ ક્રમે આવેલ સનગ્રેસ વિદ્યાલયના વિદ્યાર્થી નાયક જેનિસ તુષારભાઈ અને ચિત્ર સ્પર્ધામાં પ્રથમ ક્રમે આવેલ એચ.પી.દેસાઈ પ્રાથમિક શાળા, અમરોલીની વિદ્યાર્થીની મકવાણા હેમાંશી લાલજીભાઈને પ્રથમ પારીતોષિક આપવામાં આવેલ.

મા.મેયરશ્રીએ તેમના પ્રવચનમાં જણાવ્યું હતું કે, શહેરીજનો માટે સ્વાસ્થય અંગેની જાણકારી વિવિધ કેમ્પો ધ્વારા કરવામાં આવે છે. આજની ઈનામ વિતરણ સ્પર્ધાનાં ખાસ તો બાળકો રોગ અટકાયત માટે બ્રાન્ડ એમ્બેસેડર બન્યા છે. બાળકોએ સ્પર્ધામાં પોતાના વિચારો નિબંધ, ચિત્ર અને કવીઝ ધ્વારા દર્શાવ્યા છે, તે વિચારોનો અમલ જો તેઓ પોતાના ઘરમાં, પોતાના મિત્રવર્તુળમાં, સ્કૂલોમાં અને સોસાયટીઓમાં કરે તો તેનું પરિણામ ઘણું જ સરસ મળી શકે તેમ છે. મેલેરિયા નિયંત્રણ એ આપણા સૌની જવાબદારી, અને આપણા સૌની ભાગીદારી એવું એક વિદ્યાર્થીનીએ તેમના નિબંધમાં રજુ કેરલ, તેના ઉપર તેમણે ભાર મૂકતા જણાવ્યું હતું કે, મેલેરીયા નિયંત્રણ માટે સુરત મહાનગરપાલિકાતો કામગીરી કરવા માટે તૈયાર જ છે, પરંતુ સુરત શહેરનાં નાગરિક પણ પોતાની જવાબદારી સમજીને સુરત મહાનગરપાલિકાને સાથ સહકાર આપે જે ઘણું જ જરૂરી છે. વિદ્યાર્થીઓ નાનપણથી જ જો આવી સ્પર્ધામાં ભાગ લીધેલ હોય તો આગળ જતાં તેઓ આરોગ્યલક્ષી કાર્યમાં સારી સમજદારી બતાવી શકે.

કાર્યક્રમના અંતે આભારવિધિ ઈ.ચા.જંતુનાશક અધિકારી ડો.કે.જી.વૈષ્ણવ ધ્વારા કરવામાં આવી. તેમણે જણાવ્યું કે, મચ્છરજન્ય રોગના નિયંત્રણ માટે સ્પર્ધામાં ભાગ લીધેલ દરેક સ્કૂલનાં આચાર્યશ્રી, શિક્ષકો તથા વિદ્યાર્થીઓનો સુરત મહાનગરપાલિકા હદયપૂર્વક આભાર માને છે, તથા ભવિષ્યમાં પણ અમોને આ જ રીતનો સહકાર મળી રહે એવી અપેક્ષા રાખીએ છીએ.

TOP